# માનસિક વિશિષ્ટ બાળકોએ 'આઓ ખ્વાબ સજાયેં' નામક વિશિષ્ટ કાર્યક્રમમાં ભાગ લઈ આનંદ મેળવ્યો



ગાંધીનગર, તા. ૨૬

હેત ફાઉન્ડેશન દ્વારા વિવિધ સંસ્થાઓના મેન્ટલી ચેલેન્જડ ૧૮૦ બાળકો સાથે 'આઓ ખ્વાબ સજાયે' એક દિવસીય પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ હળવા ચા-નાસ્તા સાથે આનંદ ઉલ્લાસ કરી સેલીબ્રિટી 'તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા' સિરિયલના મયૂર વાકાણી સાથે હળવાશની પળો માણી હતી. જી.એમ.ડી.સી. કન્વેશન્સન હોલથી બાળકોના પ્રવાસની શરૂઆત થઈ હતી. હેમુભાઈ ગાંધીએ બાળકોને ત્યાં આવકાર્યા હતા. ત્યારબાદ હળવો નાસ્તો અને ચા-કોફી કરાવી બાળકોને ચાર સ્કૂલ બસ અને કારમાં બેસાડીને કાંકરિયા લઈ જવામાં આવ્યા હતા. કાંકરિયામાં જલપરી, તથા ટ્રેનમાં બેસીને બાળકોએ આનંદ માણ્યો હતો. લંચ બાદ બાળકોને ગાંધી આશ્રમની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આશ્રમમાં રામધૂન કરાવી બાળકો ભક્તિમય બની ગયા હતા. રીવરફ્રન્ટમાં રંગારંગ કાર્યક્રમમાં યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના ભાગ્યેશભાઈ જ્હા તથા ગુજરાત કેળવણી ટ્રસ્ટના માનવ નિયામક નટુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. મહેમાનો દ્વારા ગાંધીનગરના નીરવ પંડ્યાની બ્રથ ડે ઉજવવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્પેશિયલ ચિલ્ડ્રન દ્વારા સ્ટેજ પર્ફોમન્સ પણ આપવામાં આવ્યું હતું. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સિરિયલના મયૂર વાકાણી (સુંદરમામા), મકરંદ શુકલા, આશિષ ઠક્કર, મ્યુઝિક ડિરેક્ટર નિશિથ મહેતા ગાયક કલાકાર આસિફ પરીખ તથા ભૌમિક શાહ અને રેડિયો મિરચીની આર.જે. મેઘાએ બાળકોને ખૂબ જ 'એન્જોય' કરાવ્યું હતું. મેન્ટલી ચેલેન્જડ બાળકો પર બનાવવામાં આવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શકોને અને બાળકોને બતાવવામાં આવી હતી. છેલ્લે બાળકોને ડી.જે. પાર્ટી, ડીનર સાથે સુંદર ગિફ્ટની કીટ આપવામાં આવી હતી. મેન્ટલી ચેલેન્જ બાળકોને આનંદ કરાવનાર આ ભગીરથ કાર્યક્રમનું આયોજન અંકુરભાઈએ અને તેમની ટીમે કર્યું હતું. ગાયત્રી પંચાંગ કાર્યાલયના શાસ્ત્રી રાજેન્દ્રભાઈ દવે તથા તેમના સહકર્મચારીગણે સારો સહયોગ આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો એમ હેત ફાઉન્ડેશનના પ્રમુખ મીરા ગઢવીએ જણાવ્યું હતું.

### આવી રહી છે ઉદ્યોગગૃહોની પર્યાવરણીય સામાજિક જવાબદારીઓ

# રાજ્ય સામે પ્રવર્તમાન વિકાસની સાથે પર્યાવરણનું સંતુલન જાળવવાનો પડકાર

(નરેશ ઠાકર દ્વારા)

ગાંધીનગર, તા. ૨૬

તારીખ ૨૩.૯.૨૦૧૨ના રોજ સ્વૈચ્છિક સંસ્થા પર્યાવરણ-મિત્ર, અમદાવાદ દ્વારા ગૂજરાત યુનિવર્સિટીના સ્કૂલ ઑફ લો વિભાગ ખાતે નિયમિતપણે આયોજિત મોસમ પરિવર્તન વ્યાખ્યાન શ્રેણી હેઠળ, ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા કૉર્પોરેટ્સ સોસિઅલ ઍન્વિરોન્મેન્ટ રિસ્પોન્સિબિલિટી એટલે કે, ઉદ્યોગગૃહોની પર્યાવરણીય સામાજિક જવાબદારીઓ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ કરાયેલ સૂચિત નીતિના મુસદા પરત્વે, સૌ હિત ધારકો તરફથી પિસ્તાળીસ દિવસની સમયમર્યાદા મંગાવવામાં આવેલ વાંધા-સૂચનો અન્વયે, વક્તાશ્રી મોહન ક્રિષ્નાએ કરેલ છણાવટ સહિતનો જનજાગૃતિ કાર્યક્રમ સંપન્ન થયો.

પર્યાવરણમિત્રના શ્રી મહેશભાઈ પંડ્યા, સ્કૂલ ઑફ લો વિભાગના નિયામક ડૉ. કૌશિકભાઈ રાવલ, પર્યાવરણ ક્ષેત્રે સક્રિય કાર્યકર્તાઓ શ્રી અરવિંદ તલાટી, તજજ્ઞો અને મીડિયાના પ્રતિનિધિઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કૉર્પોરેટ્સ સોસિઅલ ઍન્વિરોન્મેન્ટ રિસ્પોન્સિબિલિટીની સૂચિત પોલિસીના ઉમદા ઉદ્દેશ પારદર્શિતા સાથે સુચારુવહીવટના અમલીકરણ માટે જે તે ઑથોરિટીનું ચોક્કસ મેનપાવરની જવાબદારીઓ અને ફરજો, વેતન તેમજ માળખાકીય સગવડો પણ આવરી લેવી જોઈએ, અન્યથા પર્યાવરણના ઘણા કાયદાઓની અમલવારીમાં ઉદ્યોગોની ભૂમિકાને મળતી ઓછી સફળતા, શોષણ અને હાથમરોડવા સહિતના પરિણામોનો સામનો આ કિસ્સામાં પણ કરવો પડશે, તેવું અવલોકન ગાંધીનગરના નરેશ ઠાકરે કર્યું હતું. આ સૂચિત પર્યાવરણીય નીતિ હેઠળ નાના-મોટા ઉદ્યોગોના કદ અને તેના ઉત્પાદન મુજબ સામાજિક જવાબદારીઓ આવરી લેવામાં આવી છે. ઉદ્યોગોએ આ અંગે બજાવેલ ફરજોનો વાર્ષિક અહેવાલ પણ તૈયાર કરવાનો રહેશે. આ સંજોગોમાં, ગુજરાત સહિતના ઔદ્યોગિકરણ તરફ ધસમસતા રાજ્યોમાં વિકાસ સાથે પર્યાવરણનું સંતોલન જાળવવાનો વધુ એક પડકાર ઝીલવો પડશે.

# 'સંસ્કૃતિ' સંસ્થા દ્વારા વિના મૂલ્યે 'જૂજવે રૂપે અનંત ભાસે' નાટય શો રજૂ થશે

ગાંધીનગર, તા. ૨૬

શહેરની જાણીતી કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા વર્ષ ૨૦૧૨ના પ્રથમ કાર્યક્રમ તરીકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની પ્રતિભાશાળી યુવા દિગ્દર્શકોને નાટય નિર્માણ માટે આર્થિક સહાયની યોજના તળે નેમ આર્ટસ, રાજકોટ દ્વારા તૈયાર થયેલ દ્વિઅંકી નાટક 'જૂજવે રૂપે અનંત ભાસે' તા. ૨૯-૯-૧૨ (શુક્રવાર)ના રોજ રાત્રે ૯.૧૫ વાગે બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે રજુ કરવામાં આવશે. વિધેયાત્મક સાહિત્યના સર્જક તરીકે જાણીતા ડૉ. આઈ.કે. વિજળીવાળાના ચિન્તનાત્મક નિબંધના પુસ્તકો 'મનનો માળો', 'મોતી ચારો' તથા 'અંતરના ઉજાસ' અત્યંક લોકપ્રિય થયા છે. આ વાર્તાઓનું નાટય રૂપાંતર રાજકોટના શ્રી મનિષ પારેખે કરીને તેને નાટયદેહ આપ્યો છે. પુસ્તક વાંચતા વાંચતા હૃદય ભરાઈ આવે તેવા પ્રસંગોને આ નાટયકૃતિમાં વણી લેવામાં આવ્યા છે અને તેની ગૂંથણીની વિશિષ્ટતા એ છે કે સુત્રધારા દ્વારા વાર્તાકથનના સ્વરૂપે આ નાટક પ્રસ્તુત થાય છે. પાટનગરના રસજ્ઞોને આ અંગેના નિમંત્રણો પાઠવી દેવાયા છે. આ ઉપરાંત રસ ધરાવતા નગરજનો આ કાર્યક્રમ વિનામૂલ્યે નિહાળી શકે તેમ હોવાથી સર્વ નાટયરસિકોને નાટક નિહાળવા પધારવા સંસ્થા તરફથી જાહેર નિમંત્રણ પાઠવાયું છે.

## યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

# કૉલેજ પ્રવેશોત્સુક યુવાનને પત્ર

પ્રિય મિત્ર,

કોલેજમાં અભ્યાસ કરવા માટેની પ્રવેશ ક્રિયા હાલ ચાલી રહી છે અને તમે સહુ એ પ્રક્રિયાના એક ભાગ બન્યા છો અથવા બનશો. કોલેજમાં અભ્યાસ કરવાનો તમારો દરેકનો એક જુદો ખ્યાલ હશે અને એ ખ્યાલને મૂર્તિમંત કરવા તમારું હૈયું થનગનાટ અનુભવતું હશે. થનગનાટ અનુભવાય એ સ્વાભાવિક વાત છે. આપણી આવી શિક્ષણ પ્રણાલીમાં શાળાના અભ્યાસ પછી કોલેજના અભ્યાસ સાથે 'રોમેન્ટિસિઝમ' જોડાયેલું છે. એ રોમેન્ટિસિઝમ કયારે રોમાંસમાં ફેરવાઈ જાય છે, એની બહુ સુધ તમને રહેતી નથી પણ આ બધું જ આ ઉંમરે સ્વાભાવિક છે. ( આ વારેવારે હું 'સ્વાભાવિક છે' એવું એટલા માટે લખું છું કે હું હજી હમણાં જ આ બધી પ્રક્રિયામાંથી અને અનુભવમાંથી પસાર થયો છું એટલે આ અનુભવવાણી છે એટલું સમજજો!)

મિત્ર, એટલે મુદ્દો એ છે કે કોલેજ વિશેનો આપણો એટલે કે તમારા સહુનો ખ્યાલ રોમાંચપૂર્ણ છે. પણ એ રોમાંચ કેવા પ્રકારનો છે એ સમજવું અગત્યનું છે. હું એ પણ જાણું છું કે હાલ તમે કશું સમજવાના મૂડમાં નથી. તમારો મૂડ તો હમણાં એક જ વાત પર કેન્દ્રિત છે કે, ' કોલેજમાં જવું અને એન્જોય કરવું.' આદર્શને પહોંચી ન શકો તો કશો વાંધો નથી, પણ વર્ગને વર્ગ તો રહેવા દો..!

મિત્ર, મને ખબર છે, કે કોલેજ વિશેની એક જુદી જ છબી તમારા મનમાં અંકિત થઈ છે અને આ જુદી છબી અંકિત કરવામાં સિનેમાનો બહુ મોટો ફાળો છે એ પણ હું જાણું છું. રોમાન્સ કા ભી એક લેકચર હોના ચાહિએ વગેરે.. ગીતો તમારા કાન કોલેજ પ્રવેશ પૂર્વે જ પ્રદૂષિત થયા છે. તમે 'થ્રી ઈડિયટ્સ' ફિલ્મ તો જોઈ હશે. ન જોઈ હોય તો અચૂક જોજો. એમાં કોલેજ કેમ્પસનું જ વાતાવરણ છે અને ફિલ્મનો નાયક તથા એના મિત્રો પણ ધીંગામસ્તી કરતા હોય છે, પણ આખરે જીવનલક્ષી જ્ઞાનનો એમાં જે મહિમા થયો છે, એ એક વિદ્યાર્થી તરીકે તમારે પણ સમજવાનું છે.

અત્યાર સુધીની તમારી જીંદગીનું કદાચ કોઈ લક્ષ્ય ન હોય અથવા તો તમે એ દિશામાં કશું વિચાર્યું પણ ન હોય. પણ હવે સમય થઈ ગયો છે કે તમે એ દિશામાં વિચારો. તમારું પ્રત્યેક પગલું એ દિશામાં એક સાર્થક પગલું બનવું જોઈએ. બાકી, કોલેજના ત્રણ, પાંચ કે સાત વર્ષ કયાં વીતી જશે, કશું ખબર નહીં પડે અને સરવાળે વર્ષો પાણીમાં ગયા એવો અનુભવ થશે. તમને એવો અનુભવ ન થાય એવું હું ઈચ્છું છું અને એટલે જ તમારી સાથે આ સંવાદ કરી રહ્યો છું. અત્યારે કેટલીક મૂંઝવણો પણ તમારા મનમાં ચાલતી હશે. કઈ



પણ મિત્ર, આ એન્જોય કરવાની વાતથી જ જરા ચેતવા જેવું છે. તમને એટલો તો ખ્યાલ છે જ ને કે તમે કંઈ પિકનીક પોઈન્ટ, મલ્ટીપ્લેક્સ કે મોલમાં નથી જઈ રહ્યા અને ત્યાં એન્જોય કરવા માટેના જે સાધનો છે એ કોલેજમાં ન હોય અને એવી એપેક્ષા રાખવી પણ વ્યર્થ છે. છતાં તમારા સહુના સઘળા પ્રયત્નો એ વ્યર્થ દિશાના જ શા માટે હોય છે એ મને સમજાતું નથી. તમે શા માટે મોલ અને મહાવિદ્યાલયને એક ગણો છો. અથવા એક બનાવવાના પ્રયત્નો કરો છો ? તમે શા માટે મલ્ટીપ્લેક્સ અને વર્ગખંડમાં ભિન્નતા નથી જોતાં? તમે થિયેટરમાં ફિલ્મ જોવા બેઠા છો એ રીતે વર્ગખંડમાં કઈ રીતે બેસી શકો? વર્ગ એ જ સ્વર્ગનો આદર્શ ભલે ઊંચો લાગતો હોય અને તમે એ કોલેજમાં પ્રવેશ મેળવવો અને કયા વિષયો સાથે અભ્યાસ કરવો, એવી ગડમથલ પણ ચાલતી હશે. તમારા ઓછા ગુણ હશે તો તમને તમારી પસંદગીની કોલેજમાં પ્રવેશ નહીં મળે અને પસંદગીના વિષયો ભણવા માટે નહીં મળે, આ બધું જ તમારી સાથે બની ગયું હશે અથવા તો નજીકના સમયમાં બનશે. પણ આ બધામાંથી બહાર નીકળીને તમે કોલેજમાં વ્યવસ્થિત, તમારા રોમાંચ સાથે અભ્યાસ કરો એ જરૂરી છે. કોલેજ લાઈફ જેવી રોમાંચક લાઈફ બીજી કોઈ નથી એવું અનુભવવાણીને આધારે કહું છું અને તમે સહુ એ રોમાંચક સફરના સાથી બનો એવી દિલી શુભેચ્છા પાઠવું છું.

તમારો, ધ્વનિલ.

# એફવાય બીકોમની પ્રથમ યાદી જાહેર

અમદાવાદ, તા.૨૬

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ કોલેજોમાં આજે એફવાય બીકોમની પ્રથમ યાદી જાહેર કરાઈ હતી. શહેરની ટોપ ૨૦ કોલેજોમાં ગુજરાતી માધ્યમમાં ૫૨થી ૭૭ ટકા અને અંગ્રેજી માધ્યમમાં ૫૩થી ૭૮ ટકાની વચ્ચે મેરીટ અટકાવ્યું હતું. આજરોજ જાહેર થયેલી એફવાય બીકોમની મેરીટ યાદીમાં ભવન્સ કોમર્સ કોલેજમાં ગુજરાતીમાં ૬૦.૮૬ ટકા અંગ્રેજીમાં ૬૫.૬૭ ટકા, સહજાનંદ કોમર્સ કોલેજમાં ગુજરાતી ૭૧.૮૫ ટકા અને અંગ્રેજીમાં ૭૫.૨૮ ટકા સીસી શેઠ કોલેજમાં ગુજરાતી ૬૧ ટકા અને અંગ્રેજીમાં ૬૭.૪૫ ટકા, સીયુ શાહ કોલેજમાં ગુજરાતીમાં ૬૨ ટકા અને ્ગ્રેજીમાં ૭૪ ટકા જીએલએસ કોમર્સ કોલેજ ગુજરાતી ૬૦ ટકા અને અંગ્રેજી ૭૭ ટકા એચએ કોલેજ ગુજરાતી ૬૫.૮૫ ટકા અને અંગ્રેજીમાં ૭૫.૧૪ ટકા, એચકે કોમર્સ કોલેજ ગુજરાતી ૬૪ ટકા અને અંગ્રજી હાયર લેવલ ૭૩ ટકા, લોઅર લેવલ ૮૨ ટકા, એચએલ કોલેજ ગુજરાતી ૬૬ ટકા અને અંગ્રજીમાં ૭૮ ટકા, જેજી કોલેજમાં ગુજરાતી ૫૫ ટકા અને અંગ્રેજીમાં ૭૦ ટકા, આરજે તિબ્રેવાલ કોમર્સ કોલેજમાં ગુજરાતી ૬૨ ટકા અને અંગ્રેજી હાયર લેવલ ૭૨ ટકા, લોઅર લેવલમાં ૮૦ ટકા, સોમલલીત કોલેજમાં ગુજરાતી ૬૦ ટકા અને અંગ્રેજીમાં ૭૮ ટકા તેમજ એસએમ પટેલ કોલેજમાં ગુજરાતી માધ્યમમાં ૬૧ ટકા અને અંગ્રેજી માધ્યમમાં ૭૭ ટકાએ પ્રવેશ અટક્યો હતો.

### સ્વૈચ્છિક નિવૃત્તિ માટે સરકારનું દબાણ અયોગ્ય હતું : ત્રિવેદી

# ગમગીન વાતાવરણમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની વિદાય

અમદાવાદ, તા.૨૬

ગુજરાત યુનિવર્સિટીમાં ક્રાંતિકારી પદ્ધતિ દાખલ કરવાનો ગર્વ છે. જ્યારે રાજ્ય સરકારે ટર્મ પુરી થવાના ૨૦ દિવસ પહેલા સ્વૈચ્છીક નિવૃત્તી માટે રાજ્ય સરકારનું દબાણ અયોગ્ય હોવાનો અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમ હોવાનું આજે છેલ્લી બો ટર્મથી કુલપતિ તરીકે જવાબદારી નિભાવનાર ડૉ. પરિમલ ત્રિવેદીએ જણાવ્યું હતું. આજે વિદાય વેળા ગળગળા બનેલા કુલપતિએ નેક એક્રીડીટેશનનું કામ અધુરુ હોવાનો અફસોસ વ્યક્ત કર્યો હતો.

તેમણે વર્ષ ૨૦૦૭-૦૮માં ઉપકુલપતિનો ચાર્જ સંભાળ્યો હતો. ત્યારબાદ કુલપતિ પ્રો. એયુ પટેલની ટર્મ પુરી થાય બાદ ડૉ. પરિમલ ત્રિવેદીએ વર્ષ ૨૦૦૯થી કુલપતિ તરીકેની જવાબદારી સંભાળી હતી. ૨૫ વર્ષમાં પોતે બે ટર્મ પુરી કરનાર કુલપતિ હોવાનું જણાવ્યું હતું. તેમની પ્રથમ ટર્મમાં સીસીટીવ કેમેરાથી લઇ એટ્રોસીટી સુધીના કેસ પણ થયા છે. જેમાં સીસીટીવી કેમેરામાં કલીનચીટ મળી છે. જ્યારે એટ્રોસીટીનો કેસ હજુ ચાલી રહ્યો છે. તેમણે આજે પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા પ્રસંગોને વાગોળતા જણાવ્યું હતું કે એટ્રોસીટીના કેસમાં કોર્ટમાં હાજર થયો તે વખતે સૌથી ખરાબ હતો. આ સમયે રાહત મળે તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી જે મને ફળી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુજ. યુનિ.ના ઉચ્ચ હોદ્દા ઉપર કામ કરવા માટે સારા કુલપતિની સાથે સારા પોલીટીશીયન પણ હોવુ જરૂરી છે.તેમણે પોતાની માતા માટે ગોઠવેલા વિદાય સમારંભને સારો પ્રસંગ ગણાવે છે.

તેમણે યુનિવર્સિટી વિદ્યાર્થીલક્ષી શરુ કરેલા ૧૬૦ કોર્સ, સીવીસીએ નાપાસ વિદ્યાર્થીને આગળ વર્ષમાં જવાની તક આપવા સહિત નવા બિલ્ડીંગ, રેડીયો સ્ટેશન અને નેકનું એક્રીડીટેશન સુધીના તમામ કામો પુર્ણ કર્યાનો સંતોષ છે જો કે નેકનું રિએક્રીડીટેશનનું કામ પુર્ણ ન થયાનો તેમણે અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે કુલપતિ તરીકે છ વર્ષમાં ક્યારેય દબાણ પુર્વક કામ ન કર્યાનો ગર્વ લેતા જણાવ્યું હતું કે ઘણીવાર અપેક્ષા મુજબ કામ ન થાય તો નારાજગી વધે જો કે રાજ્ય સરકાર સાથે છેલ્લા કેટલાક સમયથી વધેલા અંતર અંગે તેમણે કોઇ પણ ટીકા ટિપ્પણી કર્યા વગર જણાવ્યું હતું કે હું આજે પણ ભાજપનો કાર્યકર છું. હું કોંગ્રેસ રાજ્ય નથી પરંતુ શુભેચ્છ છું. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ૩૦૦થી વધુ નવી કોલેજો માટે મળેલી અરજીમાંથી એક પણ કોલેજ નહીં આપી યુનિવર્સિટીની ગરીમાને જાળવી સરળ પ્રવેશ પ્રક્રિયા કર્યાનો પણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

# સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, સાહિત્ય અને સંગીત આ પાંચ લલિતકલાઓ છે

॥ નાદબ્રહ્મ ॥

બ્રહ્માડીય ચેતના તથા સશક્તતાનું ઉદ્ગમ સ્ત્રોત ક્યાં છે? તેનું સંશોધન કરતા તત્ત્વદર્શી ઋષિઓએ ગહન અનુસંધાનોના આધાર પર એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે આ સમસ્ત હલચલ જેના આધારે ચાલે છે તે શક્તિ સ્ત્રોત શબ્દ છે. આચિત્ય, અગમ્ય, અગોચર, પરબ્રહ્મને જગત ચેતનાની સાથે પોતાનું સ્વરૂપ નિર્ધારીત કરવા માટે શબ્દ બ્રહ્મના રૂપમાં પ્રગટ થવું પડ્યું. સૃષ્ટિના પૂર્વે અહીં કંઈ હતું નહીં. સમગ્ર સૃષ્ટિમાં ચેતન્ય ઉત્પન્ન થવાનું પ્રથમ ચરણ શબ્દબ્રહ્મ હતું, તેને જ નાદબ્રહ્મ કહે છે.

જીવન શક્તિમાં ચેતનાનો સંચાર અને તેજસ્વિતા લાવવાની ક્ષમતા જે કલાઓમાં છે એને લલિતકલાઓ કહેવાય છે. સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, સાહિત્ય અને સંગીત આ પાંચ લલિતકલાઓ છે.

મનુષ્યના હૈયામાં વસતી અનેક સદ્વૃત્તિઓ જેવી કે પ્રેમ, હૂંફ, ભક્તિ-શ્રદ્ધા, દયા-માયા, સંયમ-સહાનુભૂતિ વગેરે મનુષ્યની આત્મિક મિલકત છે અને લલિતકલાઓ એ મિલકતને સાચવવાનું-સંભાળવાનું મહામૂલું કાર્ય કરે છે.

કોઈ પણ કલાને શીખવા અને એમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે સમગ્ર તન-મન-પ્રાણથી એમાં ખૂંપીને એકાકાર થવું પડે ત્યારે જ કલાની સિદ્ધિ પ્રાપ્ત થાય. એટલે જ તો કલાનાં ચઢાણ કપરાં મનાયાં છે.

પાંચેય લલિતકલાઓમાં સંગીતનું સ્થાન અનન્ય છે. અનાદિ કાળથી ભારતીય પુણ્યભૂમિ સંગીતની મધુર સ્વર લહેરીઓથી ઝંકૃત થતી રહી છે તથા અગણિત સંગીતકારોએ પોતાની આગવી સૂઝબૂઝ અને તપસ્યાના તેજથી એને સદા રણકતી રાખી છે.

સંગીત એટલે ગાયન, વાદન અને નૃત્ય. આ ત્રણે કલાઓના ત્રિવેણી સંગમનો આધાર નાદ છે. જેમાંથી સ્વર અને લય ઉત્પન્ન થાય છે. તેથી જ કહ્યું છે કે,

'ન નાદેન વિના ગીતં ન નાદેન વિના સ્વરઃ।'

ન નાદેન વિના નૃતં



## સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

અર્થાત્, નાદ વિના ન તો ગીતનું અસ્તિત્વ છે, ન સ્વરનું કે નૃત્યનું અસ્તિત્વ છે. આ સમસ્ત જગત નાદાત્મક છે.

કહેવાય છે કે નાદથી વર્ણ, વર્ણથી શબ્દ, શબ્દથી વાક્ય અને વાક્યથી ભાષાની ઉત્પત્તિ થઈ છે. એટલે જ તો એને નાદબ્રહ્મ કહ્યો છે. પં. દામોદરજીએ સંગીત દર્પણ ગ્રંથમાં ઉપરોક્ત ભાવોને સ્પષ્ટ કરતાં લખ્યું છે કે,

'નાદેન વ્યજ્યતે વર્ણ : પદં વર્ણાત્ પદહ્ચ :।'

વચસો વ્યવહારોડપં નાદાધીનમતો જગત્॥

સંગીત કલામાં નાદોપાસનાનું સર્વાધિક મહત્ત્વ છે. પ્રત્યેક સંગીતકાર પ્રાથમિક અવસ્થાથી જ સ્વર અને લયની ઉપાસના કરતો હોય છે. કેમ કે એને નાનપણથી એ શીખવવામાં આવે છે કે,

નાસ્તિ નાદાત્પરો મંત્રઃ નદેવઃ સ્વત્મનઃપરઃ।

નાનુસંધેઃ પરાપૂજા ન હિ તૃપ્તેઃ પરં સુખમ્॥

અર્થાત્ નાદથી મોટો કોઈ મંત્ર નથી, આત્માથી મોટો કોઈ દેવ નથી, નાદના અનુસંધાનથી કોઈ મોટી પૂજા નથી અને તૃપ્તિથી મોટું કોઈ સુખ નથી.

આંદોલનનું પરિણામ કહી શકાય. ઘર્ષણથી વાયુ આંદોલિત થઈને કંપન ઉત્પન્ન થાય છે. અંતે એ કંપન કર્ણેન્દ્રિયો દ્વારા આપણી ચેતનાને ધ્વનિનો અનુભવ કરાવે છે. આ રીતે કાનના યંત્રની શક્તિને કારણે આપણે ધ્વનિનો અનુભવ કરીએ છીએ.

સૃષ્ટિના સર્જનમાં અને પ્રકૃતિની પ્રત્યેક હિલચાલમાં નાદ અને લય (અવાજ-ગતિ)નું વર્ચસ્વ છે. સમસ્ત સૂર્યમંડળના ભ્રમણ ઉપર નાદ અને લયનું પ્રભુત્વ છે. આબોહવા, ઋતુઓ, ભરતી ઓટ વગેરેમાં એક નિશ્ચિત ગતિ હોય છે. ઝરણાનું વહેવું, પવનના સૂસવાટા, હવાની ગતિ, સૂર્ય-ચંદ્રનો ઉદયાસ્ત - સર્વેમાં લયનું પ્રભુત્વ છે. લય એટલે ગીત, ચેતના !

માનવ જીવનની વિવિધ અવસ્થાઓ અને રહેણીકરણીઓમાં પણ નાદનું વર્ચસ્વ છૂપાયું છે. બોલવું, ચાલવું, રમવું, દોડવું, હસવું, રડવું વગેરેમાં નાદત્વ રહેલું છે. માનવ હૃદયની ધડકન, શ્વાસોચ્છવાસ, નાડીના ધબકારા વગેરે શારીરિક અવયવોમાં પણ લય અને નાદ છે. જો આની લયમાં જરા જેટલો પણ ફરક પડે તો માનવીનું અસ્તિત્વ ડામાડોળ થઈ જાય છે. તેથી જ સંપૂર્ણ જગતને નાદને આધિન માનવામાં આવે છે. અને નાદનું સંપૂર્ણ સ્વરૂપ સંગીતમાં છૂપાયેલું છે. જો નાદ અનિયમિત આંદોલનવાળો હોય તો તે ઘોંઘાટના સ્વરૂપે આપણને દુખનો અહેસાસ કરાવે છે અને આ જ નાદ જ્યારે નિયમિત આંદોલનવાળો હોય તો સુખનું કારણ બની મનને સુખદ અનુભવ કરાવે છે. અને આવા નાદને સંગીતના સ્વરૂપમાં સાંભળવાની થકાવટ, ગ્લાની, આળસ દૂર થાય છે અને માનવ તરોતાજા થઈને પોતાના કાર્યમાં સ્વસ્થતાપૂર્વક કાર્યરત થાય છે. આમ તો નાદની તાકાતને હવે વૈજ્ઞાનિકો સ્વીકારતા જાય છે અને નિયમિત આંદોલનવાળા સાંગીતિકનાદ ઉપર સંશોધનો થઈ રહ્યા છે તથા માનવના વિકાસ માટે નાદનો કઈ રીતે ઉપયોગ થઈ શકે તે વિચારી રહ્યા છે. પરંતુ આપણા ઋષિ-મુનિઓ તો હજારો વર્ષ પહેલાં નાદના સદ્ગુણોની ચર્ચા કરી છે તેથી જ



આપણી પાસે નાદબિન્દુ ઉપનિષદ જેવા ગ્રંથો ઉપલબ્ધ છે, જે ભારતીય સંસ્કૃતિના વૈભવનો સાક્ષાત્કાર કરાવે છે અને દુનિયાને શાંતિ-સમરસતા અને મૈત્રીનો ઉપદેશ આપે છે. તેથી જ આપણી સંસ્કૃતિમાં નાદને નાદબ્રહ્મ કહેવામાં આવે છે. જેની ઉપાસનાથી મનુષ્ય સુસંસ્કૃત બની આત્મિક શાંતિ મેળવી શકે છે અને બીજાને પણ તેનો બોધ આપી શકે છે.